# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૪૦ ટકા

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૩૮ | ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૬, શુક્રવાર ; મહા સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- દોષપૂર્ણ, મૃત વિચારધારા વિદ્યાર્થી ઉપર લાદવા પ્રયાસ : રાહુલ ગાંધી
- અરુણાચલમાં નવી સરકારની રચના ઉપર સ્ટે અંતે ઉઠાવાયો
- આગામી છ જ વર્ષમાં ૫૦ હજાર કિમી ઉમેરવા નેશનલ હાઈવે ઓથોરિટીની યોજના
- નરેન્દ્ર મોદી ઇન્સ્ટેગ્રામ પર ત્રીજા સૌથી લોકપ્રિય નેતા છે
- ભારતમાં મલેરિયા ઉપર વર્ષે ૧૧૬૪૦ કરોડનો જંગી ખર્ચ
- ખાલિદના ISI કનેક્શનમાં તપાસ : શોધખોળ વધુ તીવ્ર
- ફ્રીડમ ૨૫૧ની સાઇટ ક્રેશ થઇ :લોકોની પડાપડી થઇ
- રાહુલ ગાંધી દેશદ્રોહી છે : રામદેવનો આરોપ

# કનૈયાકુમારના જામીન પર આજે સુનાવણી

**કોલકાતામાં અલગતાવાદી તરફી રેલી-સૂત્રોચ્ચારથી વિવાદ વધ્યો : દિલ્હી પોલીસ જામીન અરજીનો વિરોધ નહીં કરે તેવા સાફ સંકેત : સસ્પેન્સની સ્થિતિ : મજબૂત સુરક્ષા વ્યવસ્થા : સુપ્રીમ કોર્ટની પણ પરિસ્થિતિ પર નજર**



નવીદિલ્હી,તા. ૧૮

રાજદ્રોહના કેસમાં આરોપોનો સામનો કરી રહેલા જેએનયુ લીડર કનૈયા કુમારે કહ્યું છે કે, તિહાર જેલમાં તેની જાન સામે ખતરો રહેલો છે. કનૈયા કુમાર સુપ્રીમ કોર્ટમાં જામીન માટેની અરજી કરી દીધી છે. જેના પર આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. બુધવારના દિવસે કોર્ટ સંકુલમાં કનૈયાને

● અનુસંધાન પાન-૭ પર

## દેશદ્રોહના આરોપ પડતા મુકવા માટે તખ્તો તૈયાર

**ભારત વિરોધી નારા લગાવવા સંબંધિત કોઇ મજબૂત પુરાવા દિલ્હી પોલીસને હાથ ન લાગતા પ્રતિષ્ઠાને ફટકો : વિડિયોની ઓડિયો ક્વોલિટી ખરાબ દેખાઈ**

નવી દિલ્હી,તા. ૧૮

જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીમાં સ્ટુડન્ટ યુનિયનના લીડર કનૈયા કુમારની ધરપકડને લઈને દિલ્હી પોલીસની વ્યાપક ટિકા થઈ રહી છે. હવે દિલ્હી પોલીસને ભારત વિરોધી નારેબાજી સંબંધિત કોઈ નક્કર પુરાવા ન મળતા કુમારની સામે દેશદ્રોહના આરોપને પડતા મુકવાની ફરજ પડી શકે છે. દિલ્હી પોલીસે કેન્દ્રિય ગૃહ મંત્રાલયને મોકલવામાં આવેલા એક પત્રમાં કહ્યુ છે કે તેમને મળેલા વિડિયો ફુટેજમાં ઓડિયો ક્વાલિટી ખરાબ છે. જેથી આ અંગે ફોરેન્સિક અભિપ્રાય મેળવી લેવામાં આવ્યા છે. પોલીસ કનૈયાના વોઈસ સેમ્પલની તુલના ફુટેજમાં રહેલા અવાજ સાથે કરી રહી છે. આના માટે ફોરેન્સિક પરિણામની રાહ પણ જોવામાં આવી રહી છે. પોલીસે મંત્રાલયને એમ પણ કહ્યુ છે કે તે સમાચાર ચેનલો પાસેથી નવમી ફેબ્રુઆરીના દિવસે જેએનયુ કેમ્પસમાં ખયેલા આયોજન અંગે રેકોર્ડિંગ માંગી ચુકી છે. દિલ્હી પોલીસના કમીશનર બીએસ બસ્સી પહેલાથી જ કહી ચુક્યા છે કે જો કેનેયા જામીન માટે અરજી કરે છે તો દિલ્હી પોલીસ વાંધો ઉઠાવશે નહી. બસ્સી કહી ચુક્યા છે કે તેઓ અંગતપણે માને છે કે આ યુવાનને જામીન મળવા જોઈએ. બસ્સીએ તે પહેલા દાવો કર્યો હતો કે તેમની પાસે કનૈયા કુમારની સામે મજબુત પુરાવા છે અને તેને ક્લીન ચીટ આપવામાં આવી નથી. કેન્દ્રિય ગૃહ મંત્રાલયના એક અધિકારીએ નામ જાહેર નહી કરવાની શરતે કહ્યુ છે કે દિલ્હી પોલીસે માહિતી આપી છે કે હજુ સુધી જેએનયુમાં થયેલા આયોજનની માત્ર એક વિડિયો ફુટેજની

● અનુસંધાન પાન-૭ પર

## રાહુલ ગામે દેશદ્રોહનો કેસ દાખલ કરવા કોર્ટનો આદેશ

**અલ્હાબાદ સીજેએમ કોર્ટમાં દાખલ અરજીના સંદર્ભમાં હાઈકોર્ટે કરેલો આદેશ**

નવીદિલ્હી, તા. ૧૮

રાહુલ ગાંધીની મુશ્કેલી વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કારણ કે, અલ્હાબાદ હાઈકોર્ટે રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ વિવાદના સંદર્ભમાં જેએનયુ કેમ્પસમાં દેખાવ કરી રહેલા વિદ્યાર્થીઓને મળવા બદલ રાહુલ સામે કેસ



દાખલ કરવાનો આદેશ કર્યો છે. જેએનયુનો મામલો દેશદ્રોહના આરોપસર કનૈયા કુમારની ધરપકડ બાદ વધુ તીવ્ર બની ગયો છે. આગામી દિવસોમાં રાહુલને કાયદાકીય ગૂંચનો સામનો કરવો પડી શકે છે. અલ્હાબાદની સીજેએમ કોર્ટમાં દાખલ કરાયેલી અરજીના અનુસંધાનમાં રાહુલ ગાંધી સામે કેસ દાખલ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. કોંગ્રેસના ઉપપ્રમુખને

● અનુસંધાન પાન-૭ પર

## તમામ સેન્ટ્રલ યુનિવર્સિટીમાં તિરંગા ધ્વજ લગાવવા આદેશ

**૨૦૭ ફૂટ ઉંચા તિરંગા ધ્વજનો હુકમ જારી : જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી સાથે ઉંચા તિરંગા ધ્વજ લહેરાવવાના આદેશને અમલી બનાવવાનો આદેશ થયો**

નવી દિલ્હી,તા.૧૮

જેએનયુના વિદ્યાર્થીઓ દ્વારા દેશ વિરોધી નારા લગાવવામાં આવ્યા બાદ મચી ગયેલા વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારે આજે દેશની તમામ સેન્ટ્રલ યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય ધ્વજ લગાવનો આદેશ કર્યો છે. તમામ સેન્ટ્રલ યુનિવર્સિટીમાં ૨૦૭ ફૂટ ઉંચા તિરંગા ધ્વજ લહેરાવવાનો આદેશ કરવામાં આવ્યો છે. જેએનયુમાં પણ સૌથી પહેલા તિરંગા ધ્વજને લહેરાવી દેવાનો આદેશ કરવામાં આવ્યો છે. જેએનયુમાં સૌથી પહેલા લગાવવાના આદેશ માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવ્યા છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, દિલ્હીની જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં સૌથી પહેલા આવા ધ્વજ લગાવવામાં આવશે. બીજી બાજુ જેએનયુ વિવાદને લઈને કેન્દ્રીય ગૃહરાજયમંત્રી કિરેન રિજ્જુએ આજે કહ્યું હતુ કે, સમગ્ર ઘટનામાં કનૈયા કુમારની મહત્વપૂર્ણ ભૂમિકા હતી. તેમણે કહ્યું હતું કે, જેએનયુમાં દેશવિરોધી નારાબાજીની ઘટનામાં તેની સંડોવણી રહેલી છે. કનૈયા કુમાર આ બધી ગતિવિધિને રોકી શક્યો હોત પરંતુ તેણે આવું કર્યું ન હતું. તે આ સમગ્ર ટોળકીના

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે આજે વિજય રૂપાણીની વરણી

**વિજય રૂપાણીએ કેશુભાઈના આશીર્વાદ લીધા : હવે રૂપાણીની નિમણૂંકના પોસ્ટરો સોશિયલ મિડિયા ઉપર ફરતા થયા આજે બપોરે વિધિવત નિમણૂંક કરવામાં આવશે**

અમદાવાદ, તા.૧૮

ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ પદે આવતીકાલે વરિષ્ઠ નેતા વિજય રુપાણીની તાજપોશી કરવામાં આવનાર છે. આને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. તાજપોશીનો તખ્તો ગોઠવાઈ ગયા બાદ આને લઈને ચાલી રહેલા સસ્પેન્સનો અંત આવી ગયો છે. સત્તાવાર જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી પરંતુ કેબિનેટ પ્રધાન રુપાણી ભાજપ પ્રદેશ પ્રમુખ પદ પર રહેશે તે અંગેના પોસ્ટર સોશિયલ મિડિયા ઉપર ફરતા થયા છે. રૂપાણીએ આજે પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના નિવાસ્થાને જઈ તેમના આશીર્વાદ પણ લીધા હતા. ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય અગ્રણીઓનું આજે સાંજે ગાંધીનગરમાં આગમન થઈ જશે. પ્રદેશ પ્રભારી દિનેશ શર્મા, ચૂંટણી અધિકારી અર્જુન મેઘવાળ, સંગઠન સહ મહામંત્રી વી.સતિષ પટેલ સહિતના સભ્યોની બનેલી કોર કમિટીની બેઠક આજે ૧૨.૩૯ કલાકે ગાંધીનગરમાં ભાજપના મધ્યસ્થ કાર્યાલય કોબા સર્કલ ખાતે રાખવામાં આવલી છે. આ મિટિંગમાં વિજયભાઈ રૂપાણીના નામની જાહેરાત કરવામાં આવશે. જો કે કાલે ઉમેદવારીપત્ર ભરવામાં આવશે અને ત્યારે નામવી સત્તાવાર જાહેરાત કરાશે. વિજયભાઈ રૂપાણીના નામની સત્તાવાર જાહેરાત કાલે બપોરે ૧૨-૩૯ના વિજય મુહર્તમાં કરવામાં આવશે અને ત્યારબાદ તુરત જ મધ્યસ્થ કાર્યાલય ખાતેના વિશાળ ગ્રાઉન્ડમાં અભિવાદન સમારોહનું આયોજન ભાજપના



● અનુસંધાન પાન-૭ પર

# મનપાનુ નવુ સીમાંકન જાહેર

**જુના જોગીઓના વિસ્તારોમાં ભારે બદલાવ સાથે જુના-નવા વિસ્તારોને લઈ શહેરમાં રાજકીય ખળભળાટ**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટેના નવા સીમાંકન અંગેના પ્રાથમિક આદેશો આજે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા વિધિવત રીતે બહાર પાડવામાં આવ્યા છે.

નવા સીમાંકનના આદેશોએ પાટનગરના રાજકીય પંડિતોને ઊંઘતા ઝડપ્યા છે તેમજ આ પ્રાથમિક આદેશોને પગલે રાજકીય ગણગણાટ પણ વધી જવા પામ્યો છે.

નવા સીમાંકનમાં ધરમૂળથી કરાયેલા ફેરફારોને લઈ ચોંકી ઉઠેલા રાજકીય પક્ષોના ટિકિટ વાંચ્છુઓએ દોડાદોડી પણ આરંભી દીધી છે. તેમજ કોઈ પક્ષનો ચોક્કસ ગઢ ન રહે તેની કાળજી પણ લેવાઈ છે.

ગાંધીનગર શહેરના નવા સીમાંકનમાં જુના સીમાંકન પ્રમાણેના ઘણા બધા સેક્ટરોમાં ફેરફાર થવાની સાથે નવા વિસ્તારો પણ ઉમેરાયા છે. ખાસ કરીને વોર્ડ નં. ૧, ૨, ૩, ૪, ૬ માં ખુબજ મોટા ફેરફારો કરાયા છે જ્યારે વોર્ડ નં. ૫ અને ૮માં નજીવા ફેરફારો કરવામાં આવ્યા છે.

નવા સીમાંકનમાં સૌથી વધુ વસ્તી વોર્ડ નં. ૪માં ૨૮,૨૧૨ છે આ પછી વોર્ડ નં. ૨માં ૨૮,૦૧૩ છે. જ્યારે સૌથી ઓછી વસ્તી વોર્ડ નં. ૬માં ૨૨,૮૬૫ છે. આ પછી વોર્ડ નં. ૧માં ૨૩,૦૮૯ વસ્તી રાખવામાં આવી છે.

ગાંધીનગર શહેરના નવા સીમાંકનને સેક્ટરો મુજબ જોઈએ તો વોર્ડ નં. ૧ માં ૨૬, ૨૭, ૨૮ અને આદિવાડા ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વોર્ડ નં. ૨માં ૨૯, જીઈબી, પાલજ, બોરીજ અને ઈન્દ્રોડાનો સમાવેશ કરવામાં આવ્યો છે. વોર્ડ નં. ૩માં સે. ૧૯, ૨૦, ૨૧, ૨૨ અને ૩૦નો સમાવેશ કરવામાં આવ્યો છે.

વોર્ડ નં. ૪માં ૨૩, ૨૪, ૨૫ અનો ૨૫-૨૬ જીઆઈડીસી વિસ્તારનો સમાવેશ કરાયો છે. જ્યારે વોર્ડ નં. ૫માં સેક્ટર-૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭નો સમાવેશ કરાયો છે.

વોર્ડ નં. ૬માં સે. ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ અને ધોળાકુવાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે વોર્ડ નં. ૭માં સે. ૩, ૫ અને ૬નો સમાવેશ કરવામાં આવ્યો છે.

વોર્ડ નં. ૮માં સે. ૧, ૨, ૩-એ-ન્યુ, ઈન્ફોસીટી અને સે. ૪નો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગયા વખતે વોર્ડ નં. ૩, ૪, ૫ અને ૬માં કોંગ્રેસે સારો દેખાવ કર્યો હતો. આ વખતે કરાયેલા નવા સીમાંકનમાં ગ્રામ્ય વિસ્તારોને વિભાજીત કરી અને કોંગ્રેસના ગઢમાં ગાબડુ પાડવાનો પ્રયાસ કરાયાની વાતો કોંગ્રેસમાં ઉઠવા પામી છે.

નવા સીમાંકનમાં ઉમેદવારોની પસંદગી પણ બન્ને પક્ષો માટે શિરદર્દ બની રહેશે તેમ રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે.

આજે આ પ્રાથમિક આદેશો ચૂંટણી પંચે જાહેર કરી નવા સીમાંકન અંગેના વાંધા-સૂચનો ૧૦ દિવસમાં રજુ કરવા જણાવ્યુ છે. અર્થાત આ માસના અંત સુધીમાં વાંધા-સૂચનો મળી ગયા બાદ માર્ચની મધ્યમાં નવા સીમાંકનના આખરી આદેશો જારી થશે અને એ પછી એપ્રિલના પ્રથમ સપ્તાહમાં અથવા માર્ચના અંતમાં ચૂંટણી અંગેનું જાહેરનામુ બહાર પડશે તેમ મનાઈ રહ્યું છે.






ક્રિષ્ના કોલ્ડ સ્ટોરેજ
(Technology Powered by OMNIVENT)
નો ભવ્ય શુભારંભ
શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર કેશવદાસજી મહારાજ
ગુરૂશ્રી અયોધ્યાદાસજી મહારાજના વરદહસ્તે
વડાગામમાં એકમાત્ર અદ્યતન ટેકનોલોજીવાળો એકમાત્ર કોલ્ડ સ્ટોરેજનો ભવ્ય શુભારંભ
સંવત ૨૦૭૨ મહા સુદ-૧૨ શુક્રવાર
તારીખ : ૧૯/૨/૨૦૧૬ના શુભદિને...
વાસ્તુ/નવચંડી યજ્ઞ પ્રારંભ : સવારે ૯-૦૫ કલાકે
પૂર્ણાહુતિ : સાંજે ૫-૦૫ કલાકે
મહાપ્રસાદ : સાંજે ૫-૩૦ કલાકે
ધનસુરા રોડ, પેટ્રોલ પંપની બાજુમાં, બોરવાઈ,
પો. વડાગામ, તા. ધનસુરા, જિ. અરવલ્લી
સંપર્ક નં. મો. : ૯૯૦૪૯ ૧૭૮૯૭, ૭૬૨૪૦ ૧૦૭૮૨

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧




૮૦ વર્ષથી
દેશી તુવેર દાળ
૧, ૨, ૫ અને ૨૫ કીલોના પેકીંગમાં ઉપલબ્ધ.
Promise of Good Health for Over 80 Years
રેંટિયો
દેશી સંબંધોની હેલ્દી પસંદ
/rentio-foods
E-mail: info@rentiofoods.com • www.rentiofoods.com • Customer Care: 02569 250208